અપીલ અરજી નં.૨૫૮ તા.૧૨–૧૨–૦૮/૦૯

અરજદારઃ શ્રી જયંતીભાઈ ડાહયાભાઈ ભગત
સામાવાળાઃ ડે.કમિશનર (સ્પે.) અને જાહેર માહિતી અધિકારી

***વિષય :***—આરટીઆઈ એકટ હેઠળ શ્રી જયંતીભાઈ ડાહયાભાઈ ભગતની તા.૨૭–૮–૦૮ની અરજીથી સુરત મહાનગરપાલિકાના કયા પદાધિકારી તથા અધિકારી મહાનગરપાલિકાની મોટરકાર વાપરે છે તેની સને ૨૦૦૧ થી ૨૦૦૭ માં ડ્રાઈવર પેટ્રોલ રીપેરીંગ નિભાવનો વર્ષવાર વ્યકિતગત કેટલો ખર્ચ થાય છે તથા ભાડાની મોટરકાર વાપરે છે તેના ખર્ચની વર્ષવાર તેમજ સુરત મહાનગરપાલિકાના પહેલા,બીજા , ત્રીજા અને ચોથા વર્ગના કર્મચારી તથા ફાયર ખાતાના કર્મચારીના ગણવેશની વર્ષવાર માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***—અરજદાર મજકુરની તા.૧૨–૧૨–'૦૮ ની અપીલ અરજી નં.૨૫૮/૨૦૦૮–૦૯

## ફરીયાદની હકીકતઃ—

શ્રી જયંતીભાઈ ડાહયાભાઈ ભગતની તા.૨૭–૮–૦૮ની અરજીથી સુરત મહાનગરપાલિકાના કયા પદાધિકારી તથા અધિકારી મહાનગરપાલિકાની મોટરકાર વાપરે છે તેની સને ૨૦૦૧ થી ૨૦૦૭ માં ડ્રાઈવર પેટ્રોલ રીપેરીંગ નિભાવનો વર્ષવાર વ્યકિતગત કેટલો ખર્ચ થાય છે તથા ભાડાની મોટરકાર વાપરે છે તેના ખર્ચની વર્ષવાર તેમજ સુરત મહાનગરપાલિકાના પહેલા,બીજા , ત્રીજા અને ચોથા વર્ગના કર્મચારી તથા ફાયર ખાતાના કર્મચારીના ગણવેશની વર્ષવાર માહિતી આપવા બાબતે ચીફ ફાયર ઓફિસર અને મ. જાહેર માહિતી અધિકારીના પત્ર નં.એફબી/એસપી/૧૪૯૭ તા.૧૮–૧૦–૦૮ તથા સ્ટોર્સ સુપિ. સેન્ટ્રલ સ્ટોર્સના પત્ર નં.સી.એસ/૮૫૮ તા.૨૩–૯–૦૮ થી આપેલ તથા મુદ્દા નં.૧ ની માહિતી અંગે ચીફ ફાયર ઓફિસર ધ્વારા મુદ્દા નં.૧ ની માહિતી અંગે અરજદારની જાણ હેઠળ વર્કશોપ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી વર્કશોપના પત્ર નં.ઓટો/૮૩૨ તા.૬–૧૧–૦૮ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે . જયારે અપીલમાં અરજદારે ખરીદીના બીલ બાબતની ઝેરોક્ષની માંગણી વધારામાં કરેલ જણાય છે જે જવાબ માહિતી અધિકારના નિયમ કલમ–૫ મુજબ માહિતી ગુજરાતીમાં ન મળવાના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૨–૧૨–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા મુળ અરજીથી માંગેલ માહિતી પૈકી બાકી હોય તો જ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૭૫ તા.૧૮–૧૨–૦૮ થી ડે.કમિશનર (સ્પે.) અને જાહેર માહિતી અધિકારી વર્કશોપ,સ્ટોર્સ અને ફાયરને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ કક્ષાએથી પૂરક માહિતીમાં દિશેષ કોઈ વિગતો મળેલ નથી. પરંતુ અરજદારની તા.૨૭–૮–૦૮ ની અરજીથી માંગેલ માહિતી અરજદારને પૂરી પાડયાના પત્રની નકલ અનુક્રમે ચીફ ફાયર ઓફિસર અને મ. જાહેર માહિતી અધિકારીના તા.૧૮–૧૦–૦૮ ના પત્ર નં.૧૪૯૭ ની નકલ તથા સ્ટોર્સ સુપ્રિ. ના પત્ર નં.સીએસ/૮૫૮ તા.૨૩–૯–૦૮ ના પત્રની નકલ તેમજ કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારીના પત્ર નં.૮૩૨ તા.૬–૧૧–૦૮ ની નકલો મળેલ છે. જે પત્રોથી તેમણે અરજદારને માહિતી મોકલાવેલ.

અરજદારે તેમની મૂળ અરજીથી ત્રણ મુદ્દાની માહિતીમાં સુરત મહાનગરપાલિકાના પદાધિકારી તથા અધિકારીની મહાનગરપાલિકાની માલિકીની મોટરકાર વાપરે છે તેની સને ૨૦૦૧ થી ૨૦૦૭ ના સમયની ડ્રાઈવર,પેટ્રોલ, રીપેરીંગ નિભાવનો વર્ષવાર વ્યકિતગત ખર્ચની માહિતી ભાડાની મોટરકાર માટે આજ સમયગાળાની વર્ષની વ્યકિતગત ખર્ચની માહિતી તથા ફાયર ખાતા તથા ત્રીજા અને ચોથા વર્ગના કર્મચારીના ગણવેશના ખર્ચ અંગેની આજ સમયગાળાની માહિતી માંગેલ જે અરજદારને નિર્દિષ્ટ પત્રોથી મોકલાવેલ જણાય છે.

અરજદારે તેમની સંદર્ભ હેઠળની લગભગ દોઢ માસના વિલંબથી અપીલમાં મળેલ માહિતી બાબતે કોઈ અસંતોષ કે નારાજગી વ્યકત કરેલ જણાતી નથી જેથી અરજદારને મળેલ માહિતી બાબતે કોઈ તકરાર નહીં હોવાનું માનવાને કારણ છે.

અરજદારને અપીલ અરજીમાં મૂળ અરજીથી અલાયદી પાલિકાની માલિકીની મોટરોનું ખરીદીના બીલોની ઝેરોક્ષની માંગણી કરેલ છે.

## ***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨૭–૮–૦૮ ની મુળ અરજીથી માંગેલ અને તે અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મળેલ માહિતી બાબતે કોઈ તકરાર નહીં હોય અપીલમાં કોઈ હુકમ કરવાનો રહેતો નથી તેથી અપીલ દફતરે કરવામાં આવે છે.

મૂળ અરજીથી અપીલના તબકકે માંગેલ અલગ માહિતી અંગે કાયદા અને નિયમની જોગવાઈને અનુસરી લાગત જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અલાયદી માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧ –૦૯.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી ......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી જયંતીભાઈ ડાહયાભાઈ ભગત,